# "ગિહારા" જાતિના લોકોને અનુસૂચિત જનજાતિની યાદીમાં સમાવેશ કરવા બાબત : તપાસ અહેવાલ


લેખન

ભીખાભાઈ પટેલ

સંકલન

ડૉ. ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૭૪

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૨૦૧૩

**પ્રસ્તાવના :**

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક અજપ-૧૦૧૨-૯૯૦ ચ.આ.વિ.વિ.સચિવાલયના ૨ નવેમ્બર, ૨૦૧૨ના પત્રથી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને ગિહારા જાતિની તપાસ સોંપવામાં આવેલ. આ જાતિ તપાસનું કાર્ય ''ગિહારા સમાજ નવયુવક જાગૃતિ પરિષદ'' પંજીના તા.૧૨-૮-૧૨ના પત્રથી ભારત સરકારના ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી શ્રી દિગ્વીજયસિંહ સમક્ષ ગિહારા સમાજને અનુસૂચિત જનજાતિની યાદીમાં સમાવેશ કરવા માંગણી મૂકવામાં આવી. જેની જાણ ભારત સરકારના ટ્રાયબલ અફેર્સ સી એન્ડ એલ.એમ. વિભાગના પત્ર નં. ૨૦૦૨૫/૦૨/૨૦૧૨ તા.૩-૧૦-૧૨થી આદિજાતિ વિકાસ વિભાગને ગુજરાતમાં વસતા ગિહારા જાતિની સ્થિતિનો અભ્યાસ કરી અહેવાલ મોકલવા જણાવેલ. ગુજરાત સરકારે ૩૦-૧૦-૧૨ના ઉપરોક્ત પત્ર અને તા.૨૨-૦૨-૨૦૧૩ના પત્ર ક્રમાંક આવિ/તાસ/૩/ફા.નં. ૨૯૪૧/૧૨-૧૩/૩૮૮ કમિશનર આ.વિ. વિભાગની કચેરી દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને જાણ કરી, કેન્દ્ર દ્વારા ભારત સરકારના પત્રમાંની દર્શાવેલ વિગતોની તપાસ કરી, તે અંગેનો અહેવાલ તૈયાર કરવા જણાવેલ જે અત્રે પ્રસ્તુત છે.

**ગિહારા જાતિ પરિચય :**

કેટલાક અનુસૂચિત જનજાતિની યાદીમાં ન આવતા હોય તેવા જૂથો આજે અનુસૂચિત જાતિની યાદીમાં સમાવેશ કરવાની માંગણીઓ મૂકતા હોય છે. તેને મુખ્યત્વે બે રીતે જોઈ શકાય. એક તો તે જૂથ ખરેખર અનુસૂચિત જનજાતિનું હોવા છતાં જાણે અજાણે પોતાની જાતિને ઓળખાવવામાં ચૂક્યો હોય અથવા તો જાતિમાં ફેરફારો કરવાની જરૂરિયાત ઊભી થઈ હોય જેને કારણે મૂળ અનુસૂચિત જનજાતિ કરતાં જુદા જ નામે જે અનુસૂચિમાં ન હોય તેવા નામે પ્રચલિત બન્યા હોય, જેથી અનુસૂચિત જનજાતિના લાભોથી વંચિત રહ્યા હોય અને તે મેળવવા માંગણી કરતા હોય છે. જયારે બીજા જૂથો એવા છે કે જે ખરેખર અનુસૂચિત જનજાતિની જાતિના ન હોવા છતાં અનુસૂચિત જનજાતિને મળતા

લાભોથી આકર્ષાઈને અનુસૂચિત જનજાતિમાં આવવાની માંગણી મૂકતા હોય છે. એવું પણ બને છે કે કેટલાક જૂથો કે વ્યક્તિ પોતાની મેળે જ પોતાની જાતિમાં ફેરફાર કરી અનુસૂચિત જનજાતિના લાભો મેળવવા પ્રયત્નો કરતા હોય. જેથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. આવું જ કંઈક પ્રસ્તુત ગિહારા જાતિના સંદર્ભમાં બન્યું હોય તેવું સ્પષ્ટ દેખાય છે. ઉત્તર પ્રદેશમાં કંજર કે જેઓને અનુસૂચિત જનજાતિમાં સામેલ છે. આ કંજર જાતિને ગિહારા નામકરણ કરી અનુ.જનજાતિમાં સામેલ કરવા સમગ્ર પાસાંનો અભ્યાસ કરવામાં આવ્યો. જેથી બીજા રાજયોમાં કંજર સાથે જોડી ગિહારા જાતિને અનુસૂચિત જનજાતિમાં લાભ અપાવવા માટે માગણી મૂકી હોય, ભારત સરકારે જાહેર કરેલ આદેશમાં સ્પષ્ટ છે કે ૧૯૫૦ની યાદીમાં જે રાજયમાં જે સમુદાયો અનુસૂચિત જનજાતિમાં હોય તેઓ તે જ રાજયમાં અનુ.જનજાતિ તરીકેના લાભો મેળવી શકશે. એટલે એક રાજયમાં કોઈ સમુદાય અનુ.જનજાતિમાં હોય એટલે બીજા રાજયમાં પણ તેને અનુ.જનજાતિમાં ગણવા તે યોગ્ય નથી - ગણી ન શકાય. ગુજરાતમાં ગિહારા જાતિનો ૧૯૫૦ની યાદી જોતાં અનુસૂચિત જનજાતિની યાદીમાં કયાંય ઉલ્લેખ નથી.

ગુજરાત રાજયના આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરની સૂચનાથી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને રાજયમાં વસતિ ગિહારા જાતિની તપાસ કરી તેમની માંગણીને આધારે ગિહારા જાતિને આદિજાતિમાં ગણીને લાભ આપી શકાય કે કેમ તેનો તપાસ અહેવાલ તૈયાર કરવા જણાવ્યું તે આધારે રાજયમાં વસતિ ગિહારા જાતિનો કે જેનો રાજયની આદિવાસી યાદીમાં ઉલ્લેખ નથી. ત્યારે પ્રસ્તુત અહેવાલ અમદાવાદ અને સુરત જિલ્લાનાં કેટલાંક વિસ્તાર; ગામોના ગિહારા કુટુંબોને મળી સઘન ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી એકત્ર કરી તૈયાર કરવામાં આવ્યો છે.

કેન્દ્ર દ્વારા અગાઉ થયેલા અભ્યાસ પ્રમાણે અને હાલની સ્થિતિ અંગે ગિહારા સમાજના કેટલાક વડીલોને મળી તેમની ઐતિહાસિક માહિતી મેળવી હતી.

**ઐતિહાસિક ભૂમિકા :**

ગિહારા- કંજર અથવા કુચબંધિયા જાતિનો ચોક્કસ ઈતિહાસ મળતો નથી પણ તેમના વડીલોના જણાવ્યા પ્રમાણે તેઓ આઝાદી પહેલાં રાજકુટુંબોની પાલખી ઉપાડવાનું કામ કરતા હતા. રાજય

તરફથી તેમની સેવા બદલ મહેનતાણું પણ મળતું. આમ તેઓ રાજ્યાશ્રય ભોગવતા હતા. તેઓના જણાવ્યા પ્રમાણે તે સમયે તેઓ રાજભોઈના નામે પણ ઓળખાતા. ભોઈ લોકો રાજાની પાલખી ઉપાડતા તેવો ઉલ્લેખ પુરાણો (ભાગવતકથા-નાનાભાઈ ભટ્ટ)માં જોવા મળે છે. રાજભોઈની માફક બીજા રાજયોમાં કામકાજના પ્રકાર પ્રમાણે તેઓ માછીભોઈ, માલીભોઈ તરીકે રાજયાશ્રય ભોગવતા અને નાનું મોટું રાજયનું કામ કરતા.

કાળક્રમે પાલખી ઉપાડવાનો વ્યવસાય- પડી ભાંગ્યો. તેમને રાજય તરફથી જે કંઈ પ્રાપ્ત થતું તે બંધ થતાં તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ નવા વ્યવસાયની શોધમાં વસવાટ કરવા લાગ્યા. વ્યવસાયની શોધમાં આમથી તેમ ભટકવા લાગ્યા. જયાં કામ મળ્યું ત્યાં વસવાટ કરી જીવન નિર્વાહ કરવા લાગ્યા. આવાં અનેક જૂથો વ્યવસાયની શોધમાં આમથી તેમ ભટકવા લાગ્યા. જેઓ પાછળથી વિસ્તારો પ્રમાણે અનેક નામથી ઓળખાવા લાગ્યા. કેટલાક રાજભોઈના નામથી, તો કેટલાક પાલખી માટે દોરડાં બનાવતા તેમને દોરડાંવાળાના નામથી તો કેટલાક ગિહારાના નામથી ઓળખાયા.

રાજાની પાલખી ઉપાડવાના કામમાં જોડાયેલ કુટુંબો દોરડાં વણવાનું કામ પણ જાણતા, કારણ કે રાજાની પાલખીને બાંધવા માટે દોરડાંની જરૂર પડે, અને રાજા જેવી સર્વસત્તાધીશ વ્યક્તિને બેસાડવાની પાલખી બાંધવામાં કચાસ ન રહે તે માટે દોરડાની વણાટની કામગીરી જાતે કરતા. જો દોરડું તૂટી જાય તો શિક્ષા પણ થાય અને રાજ્યાશ્રય ગુમાવે, તેવા ડરથી પણ પોતે-પોતાના કુટુંબીજનો પાસે દોરડા બનાવડાવી તે જ દોરડાનો ઉપયોગ કરતા હોવા જોઈએ. તેઓ જે દોરડાં બનાવતા તેમાં ભીંડીના રેસાનો ઉપયોગ કરતા. ભીંડીના રેસાને કુંચના નામથી ઓળખવામાં આવે છે. આમ તેઓ કુંચ બાંધવાના કામના જાણકાર હોવાથી ગિહારા-કુંચબંધિયાના નામથી ઓળખાવા લાગ્યા હશે.

**ગિહારાની અલગ પેટા જાતિઓ :**

ગિહારા જાતિમાં **મારવાડી ગિહારા** કે જેઓ ઘંટી ટાંકવાનું અને વેચવાનું કામ કરતા પરંતુ હવે મોટેભાગે ઈલેકટ્રીક ઘરઘંટી આવવાથી તેમનો ધંધો પડી ભાંગ્યો છે. **હલ્લારી ગિહારા** કે જેઓ ભીખ માગીને જીવનનિર્વાહ ચલાવે છે. **મેવાડી ગિહારા** કે જેઓથી વધારે વસતિ મધ્યપ્રદેશમાં છે ત્યાં વસે છે.

તેઓ કાપડ ફેરી, વાજીંત્રો વગાડવા અને કેટલાક નાની-મોટી નોકરીઓ કરતા જોવા મળે છે. **હડોતી ગિહારા** મોટેભાગે રાજસ્થાનમાં જોવા મળે છે. જેઓ ડબ્બાના ઢાંકણ બનાવવા, જૂનાં કપડાં વેચવા, કાનનો મેલ કાઢવાના વ્યવસાયમાં રોકાયેલા જોવા મળે છે. જયારે **દખની ગિહારા** મહારાષ્ટ્રમાં પુના જેવા મોટા શહેરોમાં છૂટાછવાયા વસવાટ કરે છે. તેઓ રીક્ષા ચલાવવી, કાનમાં મેલ કાઢવો, દોરડાં બનાવવા વગેરે વ્યવસાય કરે છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ગિહારાઓ ગુજરાતમાં વસતા ગિહારા સાથે સંબંધો ધરાવે છે. જેઓ ગુજરાતી ગિહારા અથવા ગિહારા કુંચબંધિયાના નામે ઓળખાય છે.

આમ ઉપરોક્ત જુદા જુદા પ્રદેશોમાં વસતા ગિહારા પ્રદેશના નામ સાથે ગિહારા શબ્દ જોડી પોતાની ઓળખ કરાવે છે. પરંતુ પ્રદેશ પ્રમાણે દરેક ગિહારા પહેરવેશની દ્રષ્ટિએ, ખોરાક અને પીણાની દ્રષ્ટિએ તેમજ વ્યવસાયિક રીતે અલગતા ધરાવે છે.

ગુજરાત રાજયમાં ગિહારા જાતિની વસતિ, સુરત,અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જોવા મળે છે. તેઓ ખાસ કરીને દોરડાં બનાવવા, ચટ્ટાઈ બનાવવી, જુદી જુદી જાતના વૃક્ષોની ખાલ એકત્ર કરવી, કેટલાક પત્થર તોડવાની કામગીરી પણ કરે છે. જેને સલાટ તરીકે ઓળખે છે.

ગિહારા જાતિ મોટા ભાગે માંસાહારી, શિકાર કરવાવાળી જાતિ તરીકે ઓળખાય છે. તેઓ શિયાળ, સસલાં, મોર વગેરે જંગલી જાનવરોનો શિકાર કરી ખોરાકમાં ઉપયોગ કરે છે. દારૂની બદી પણ આ સમાજમાં જોવા મળી છે.

તેઓ નિમ્નસ્તરના હિન્દુઓ છે અને દેવી-દેવતાઓને પૂજે છે. જેઓ યમુનાની આસપાસ અને હરિયાણામાં ખાસ કરીને જોવા મળે છે. તેમના કેટલાંક જૂથો મધ્ય ભારતમાં પણ ફરતા હોય છે. ઘણીવાર દક્ષિણભારત તરફ પણ પહોંચી જાય છે. કંજર ઉત્તર પ્રદેશમાં જોવા મળે છે. તેમની સાથે ગિહારાઓનો સંબંધ વિશેષ છે. ગિહારાઓને સાથે જોડી તેમને અનુસૂચિત જનજાતિની યાદીમાં મૂકવા માટેની આ સાજિશ છે. પરંતુ ગિહારા ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા અને બારડોલી તાલુકાના કુડોદ માં જોવા મળ્યા છે. જેઓની માંગ ખાસ કરીને રેશનકાર્ડની છે.

**ગોત્ર વ્યવસ્થા :**

ગિહારા જાતિમાં મુખ્ય સાત ગોત્ર જોવા મળે છે. સોડા, લકડહાર, ગોહર, ભેંસા, સકટ, મલેયા અને ધોબીવંશ, આ ગોત્રમાં છ ગોત્ર એવાં છે કે તેઓ અંદરો અંદર લગ્ન સંબંધોથી જોડાય છે. માત્ર ધોબીવંશ ગોત્ર એવું છે કે જેઓ એક ગોત્રમાં લગ્ન કરતા નથી. તેની મુખ્ય ચાર જાતિઓ જલ્લાદ, પત્થરકટ, કુચબંધ અને રક્ષબંધ છે.

**ભાષા :**

ગિહારા જાતિની ભાષા ગિહારી તથા લોબીની છે. ગિહારાઓ મોટાભાગે કાળા, રૂષ્ટપુષ્ટ શરીર, મજબૂત બાંધો ધરાવે છે. સ્ત્રીઓ એકવડિયું શરીર ધરાવે છે. તેઓ અન્ય સમાજથી અલગ તરી આવે છે. ગિહારાઓ અંદર અંદર ગિહારી ભાષાનો ઉપયોગ કરે છે.

**રહેઠાણ :**

તેઓનું રહેઠાણ ગામથી દૂર હોય છે. તેમની રહેણી-કરણી, ખાણી-પાણી અને અન્ય વ્યવહારો પણ અન્ય સમુદાયોથી અલગ પડે છે. તેમનો પહેરવેશ સામાન્ય રીતે લેંઘો, પેન્ટ, બુશર્ટ છે. મહિલાઓ લેંગો અને ખમીશ (સાઈડમાં કટવાળું) પહેરે છે, કે જયાં ખિસ્સાનો ભાગ હોય છે. કન્યાની વિદાય વખતે લેંહગો અવશ્ય આપવામાં આવે છે.

**અર્થવ્યવસ્થા :**

શિકાર એ એમનો મુખ્ય શોખ છે. નવરાશના સમયે પાના પણ રમતા નજરે પડે છે. જાતિપંચ ખૂબ મજબૂત હોય છે. જાતિપંચની દરેક વાત શિરે ચઢાવે છે. ગિહારાઓનું કુટુંબ મોટેભાગે ૫ થી ૬ વ્યક્તિનું હોય છે. ૮૦ ટકા કુટુંબો ગરીબાઈની રેખા નીચે જીવન ગુજારે છે. મોટાભાગના કુટુંબો ભૂમિહિન છે. તેમના ઘરો પણ મોટાભાગે કાચા ઝૂંપડામાં વસવાટ કરે છે. ગિહારાઓમાં શિક્ષણનું પ્રમાણ ૨૦ ટકાથી પણ ઓછું જોવા મળે છે. તેમના કેટલાક વ્યવહારોને કારણે અન્ય સમાજ સાથે ભેદભાવ પણ જોવા મળે છે. તેઓ મોટેભાગે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક એમ બધી જ રીતે ખૂબ જ પછાત છે.

કંજર એ ઉત્તર ભારતમાં વસવાટ કરતી જાતિ છે જે ફળો અને કંદમુળ પર નિર્વાહ કરે છે. કંજર જાતિ પક્ષી અને ગરોડી પકડવામાં માહિર છે. પકડીને ખાવામાં પણ એટલાજ ચપળ છે. તેમાંના કેટલાક ગામડાંઓની પાસે વસવાટ કરીને ટોપલા, ચટ્ટાઈ બનાવવાનો ધંધો કરે છે. ઘરના છાજ છાવવા અને વાઝા વગાડવા માટે વપરાતી પશુઓની ખાલ પણ તૈયાર કરે છે. લોખંડની પકડથી તેઓ દિવાલોમાં છુપાયેલ સાપ, ખેતરોના ઉંદર અને છીપકલી ખોદીને કાઢે છે અને તેને ચાવીને ખાઈ પણ જાય છે.

**સામાજિક રીતરિવાજ :**

ગિહારા જાતિમાં પિતૃસમાજ વ્યવસ્થા છે. અગાઉ દર્શાવ્યા પ્રમાણે જુદા જુદા છ કૂળ ધરાવે છે.

**લગ્નપ્રથા :**

વિવાહ-લગ્ન વિધિ જાતે કરાવે છે. બ્રાહ્મણ-પુરોહિતને બોલાવવામાં આવતા નથી. પરંતુ આજના કેટલાક સ્થિતિ-સંપન્ન કુટુંબો બ્રાહ્મણને બોલાવી માંગલિક કાર્ય સંપન્ન કરે છે. વિવાહ વખતે છોકરા પક્ષનાએ છોકરીના માતા-પિતાને થોડાઘણા પૈસા આપવા પડતા હોય છે. જો છોકરી પક્ષની સ્થિતિ સારી ન હોય તો છોકરાવાળા બધોજ લગ્નનો ખર્ચ ભોગવે છે. છૂટાછેડા, વિધવા વિવાહ અને પુનઃવિવાહની પ્રથા છે.

**સગાઈ :**

છોકરાના મા-બાપ છોકરીના ઘરે સગાઈ સંબંધ માટે જાય છે. સાથે કુટુંબના બે-પાંચ સભ્યોને રાખે છે. સગાઈ કરવા જાય ત્યાં ખર્ચ છોકરાનો બાપ કરતો હોય છે. સગાઈ વખતે જ લગ્નનું નક્કી કરી નાખવામાં આવે છે. સમાજના નિયમ પ્રમાણે છોકરાના બાપ, છોકરીના બાપને કન્યાનું દાપું આપે છે. જાન જાય ત્યારે દહેજની રકમ આપવાની હોય છે.

**લગ્ન :**

ગિહારાઓમાં લગ્નની ઉંમર સામાન્ય રીતે ૧૬ વર્ષ પછીની ગણવામાં આવે છે. ચાર-પાંચ દાયકા પહેલાં બાળલગ્નો થતા, બાળપણમાં જ મા-બાપ છોકરા-છોકરીની વાતચીત કરી રાખતા હોય છે. પછી તે ગમે ત્યારે ૧૬ વર્ષ પછી તેનાં લગ્ન કરાવે છે.

નક્કી કરેલ દિવસે જાન જાય છે, જેમાં સમાજના ૩૦ થી ૪૦ માણસો જાય છે. જાનમાં પુરુષ, સ્ત્રી, બાળકો હોય છે. કુટુંબીઓ તથા સંબંધીઓ છોકરાને ચાંલ્લાના રૂપમાં વાસણ અને કેટલાક રોકડ પોતાની સ્થિતિ પ્રમાણે આપે છે. વરરાજાનો પહેરવેશ પેન્ટ, શર્ટ, બુટ, મોજાં અને માથે ટોપી હોય છે. જાન જાય ત્યારે છોકરાપક્ષના જમાડે છે. જમવામાં માંસાહારી, ભોજન હોય છે. જેમાં બકરા, મરઘી, દારૂ પણ હોય. પ્રસંગ સમયે દારૂ ફરજિયાત હોય છે. આ સિવાય રસોઈમાં શીરો, પૂરી, શાક બનાવે છે. લગ્ન જાતિનોજ બ્રાહ્મણ કરાવે છે. બ્રાહ્મણને દક્ષિણામાં ધોતિયું અને રોકડ રકમ આપતા હોય છે.

છોકરી લગ્ન પછી જાન સાથે બે-ત્રણ દિવસ માટે આવે છે. ત્યારબાદ બાપના ઘરે પરત જાય છે. ઉંમરલાયક હોય તો આણું પણ તરત કરવામાં આવે છે. આ સમાજમાં દિયરવટું અને સાળીવટું બંને થઈ શકે છે.

સ્ત્રી માસિક ધર્મમાં હોય ત્યારે ઘરનાં કામ કરતી નથી. ઘરનું કામ પુરુષો કે છોકરા કરતા હોય છે. પાંચ દિવસે સ્ત્રી માથુ ધુએ છે. ત્યારબાદ ઘરનાં સૌ કામ કરી શકે છે.

માસિક ધર્મ અટકે ત્યારે ગર્ભ રહ્યો તેમ માને છે. છોકરા ન થતાં હોય તો દેવ-દેવીની બાધા-માનતા રાખવામાં આવે છે. દોરા ધાગા પણ કરાવતા હોય છે. સગર્ભાવસ્થામાં કોઈ ખાસ વિધિ કરવામાં આવતી નથી.

**જન્મ :**

પ્રસૂતિ, સમાજની દાયણ પાસે કરાવવામાં આવે છે. આજે કેટલાક સરકારી દવાખાનાનો ઉપયોગ કરે છે. ખાસ કોઈ મુશ્કેલી લાગે તો જ દવાખાને જતા હોય છે. બાળકનો જન્મ થતાં દાયણ તેને નવરાવી સાફ-સૂફ કરીને, બાળકની નાળ કાપીને આજુબાજુ ખુલ્લી જમીનમાં દાટી દે છે. પાંચ દિવસે એક વિધિ કરવામાં આવે છે, તેને પાંચ દિવસની ખીચડીની વિધિ કહેવામાં આવે છે. આ વિધિમાં પાંચ હળદળના ગાંગડા, પાંચ સૂંઠના ગાંગડા, પાંચ સફેદ નાના પત્થર, લોટમાંથી બનાવેલ કોડીયામાં દીવો કરી તેના પર સોય ગરમ કરી બાળકના પેટ પર મૂકે છે. પ્રસૂતાના ખાટલાની બાજુમાં અનાજની બે ઢગલી કરવામાં આવે છે. ત્યારબાદ બાળકના નામકરણની વિધિ કરવામાં આવે છે. આ નામ તેની ફોઈ અથવા માસી પાડે છે.

પ્રસુતાને લાપસી અથવા સુવાવડનું કાટલું ખવડાવવામાં આવે છે. સુવાવડનું કાટલું બજારમાં તૈયાર મળે છે. જેમાં સૂકો મેવો હોય છે. તેને ઘીમાં સાંતળીને ખવડાવવામાં આવે છે.

પ્રસુતા પાંચ દિવસ પછી કપડાં બદલે છે. તેને લૂગડાં નાંખી દે તેમ કહેવામાં આવે છે. ત્યારબાદ સવા માસે ફરી કપડાં બદલાવાય છે. પછીથી ઘરના કામકાજ કરી શકે છે. ત્યાં સુધી ઘરના કામકાજ કુટુંબીજનો કરતા હોય છે.

**મૃત્યુ :**

ગિહારા-કુચબંધિયા જાતિમાં મૃત્યુ થાય ત્યારે માણસને બાળવાનો અને દાટવાનો બંને રિવાજ છે. જે ઉંમર પર આધારિત છે. નાના બાળકો અને કુંવારા છોકરા-છોકરીને દાટવામાં આવે છે. લગ્ન થયેલ પુરુષ / સ્ત્રીને બાળવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે સગાસંબંધીઓને જાણ કરવામાં આવે છે. જે વિસ્તારમાં વ્યક્તિ મૃત્યુ પામી હોય તે વિસ્તારના દરેક ઘરના મોટા પુરુષ/સ્ત્રીઓ મરનાર વ્યક્તિના ઘેર ભેગા થાય છે. મૃતદેહને બાળીને અથવા દાટીને પરત આવે ત્યારે તેમનામાં પહેલા દિવસે બાળકોને યથાશક્તિ ખવડાવવામાં આવે છે. મરનાર વ્યક્તિના ત્રણ દિવસ પુરા થાય ત્યારે ચોખા-દહીં અને કોઈ મીઠાઈ ખાવા-ખવડાવવાનો રિવાજ છે.

સાત દિવસે સાતવો ઉજવે છે. તે દિવસે જાતિના નાના-મોટા તમામને બોલાવવામાં આવે છે. આ દિવસે માંસાહારી ખોરાક, દારૂ, રોટલા જમાડે છે. આ દિવસથી મરનાર વ્યક્તિના કુટુંબીજનોનો શોક પૂરો થાય છે. તેને મોઢું ખોલવાનો રિવાજ કહેવામાં આવે છે.

**જાતિપંચ :**

ગિહારા જાતિમાં જાતિપંચ સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરે છે. ગિહારા કોર્ટમાં ભાગ્યે જ જાય છે. ગિહારા જાતિમાં વડીલોનું માન જાળવવામાં આવે છે. જાતિપંચ વડીલોનું બનેલું હોય છે. ઉંમરલાયક-અનુભવી માણસો જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેના નિરાકરણ માટે કરેલ ન્યાય સૌ કોઈ માન્ય રાખે છે. પરંપરાગત ચાલ્યા આવતા સમાજના નિયમોને તે વળગી રહે છે. જાતિપંચનું કોઈ લેખિત બંધારણ નથી પણ પરંપરાગત ચાલ્યા આવતા નિયમો પ્રમાણે ન્યાયની પ્રક્રિયા ચાલે છે.

**ધાર્મિક માન્યતા :**

ગિહારાઓ મેલડી માતામાં અથાગ શ્રધ્ધા ધરાવે છે. કુટુંબમાં કોઈ આફત આવી પડે તો બાધા-માનતા કરે છે. હિન્દુ દેવ-દેવીઓની પૂજાવિધિ કરે છે. ઊંઝા મીરાંદાતારને પણ માને છે. ડાકણ-ભૂત, પ્રેતમાં પણ માને છે. હિન્દુ ધર્મમાં આવતા બધા જ તહેવારો ખૂબજ આનંદથી મનાવે છે. દેવ-દેવીઓની અસર તેમના ઉપર વધારે જોવા મળે છે. મોટાભાગે જે દરેક પછાત જાતિઓમાં જોવા મળે છે.

**ગિહારા જાતિના પ્રશ્નો :**

**રહેઠાણ :**

ગિહારા જાતિને બક્ષીપંચ હેઠળ કેટલાકને આવાસનો લાભ મળ્યો છે. પરંતુ મોટાભાગના કુટુંબો આજે જે તે ગામમાં, નગરમાં અને સુરત, અમદાવાદ જેવા વિસ્તારમાં પંચાયત અથવા તો સરકારી જમીનોમાં પોતાના રહેઠાણ-ઝૂપડાં બનાવીને રહે છે. આજની પરિસ્થિતિમાં છ-સાત દાયકા પછી તેઓ સ્થાયી થવા ઈચ્છે છે. તેઓની પાસે પોતાનું ઘર નથી. કેટલાક ભાડાના મકાનમાં રહે છે. તેમની પાસે જમીન પણ નથી કે જેથી મકાન બાંધકામ માટેની સહાય મેળવી શકે, અને પોતાની જમીનમાં વસવાટ કરી શકે. જમીન અથવા ઘરથાળના પ્લોટ આપ્યા પછી પછાત જાતિઓને મળતી લોન સહાય જો મળી શકે તો ઘર બનાવી શકે.

**વ્યવસાય :**

આજે ગિહારા કાનમાંથી મેલ કાઢવાનો મુખ્ય વ્યવસાય કરે છે. રોજના ૧૦-૧૫ ગ્રાહક મળી જાય તો રોજનો ખર્ચ નીકળી શકે. ગ્રાહકો પાસેથી રૂા. ૧૦ લઈ મેલ કાઢતા હોય છે. શહેરી વિસ્તારમાં ખાસ કરીને સ્ટેશન વિસ્તારની આજુબાજુમાં જ આ વ્યવસાય સિમિત થાય છે. જેથી જે મળે તેમાં સંતોષ વ્યક્ત કરે છે.

સ્ત્રીઓ ઘેર વેસ્ટ-સુતળીમાંથી દોરડાં બનાવતી હોય છે. જેથી આ અંગે કંઈક કરી શકાય, પરંતુ મૂડીના અભાવે ગુણવત્તા સભર દોરડાં બનાવી શકતા નથી. તેમને દોરડાં બનાવવાની સાથે સાથે

કટલરીના ધંધા માટે, છૂટક કાપડની ફેરી માટે જો લોન-સહાય આપવામાં આવે તો દોરડાં પણ મજબૂત અને ટકાઉ બનાવી શકે. ધંધો રોજગાર પણ વિકસાવી શકે.

આ લોકોને સ્થાનિક ગૃહઉદ્યોગ તરફ પણ વાળી શકાય, સુરત જેવા શહેરમાં વણાટની ટ્રેનીંગ આપી કાપડ ઉદ્યોગ સાથે જોડી શકાય. આ ઉપરાંત યુવાનોમાં શિક્ષણ નહિવત હોવાને લીધે નાના-મોટા ધંધા રોજગાર માટે મદદ મળે તો પણ આજીવિકા મેળવી શકે.

**શિક્ષણ :**

ગિહારાઓમાં શિક્ષણનું પ્રમાણ ૧૨ થી ૧૫ ટકા જ છે. કોઈપણ જાતિનો ઉત્કર્ષ તેના શિક્ષણ ઉપર અવલંબે છે. આ માટે આ જાતિના બાળકો ખાસ કરીને શાળાએ જતાં થાય તો જ શિક્ષણનું પ્રમાણ વધારી શકાય. શિક્ષણ આવશે તો જાગૃતિ આવશે માટે શૈક્ષણિક લાભો પણ આપવા જોઈએ.

ગુજરાતમાં ગિહારા- કુંચબંધિયા જાતિને રાશનકાર્ડ પણ મળતા નથી. રહેવા માટે ઘરનો પ્રશ્ન હોય ત્યાં રાશનકાર્ડની વાત જ શી થઈ શકે. માટે રહેઠાણની સાથે રાશનકાર્ડ પણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. બીજુ કે, સ્થાનિક રહેઠાણના અભાવે ગિહારા જાતિ કયાં છે તેનો અંદાજ કાઢવો પણ મુશ્કેલ છે. તેઓ નથી પછાત જાતિઓની યાદીમાં કે નથી વિચરતી જાતિની યાદીમાં. આ લોકોનો વિમુક્ત જાતિમાં પણ ઉલ્લેખ જોવા મળતો નથી. એટલું ચોક્કસ છે કે આ જાતિ ધંધાર્થે સ્થાનાંતર કરતી હોવાથી ઉપરોક્ત પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે.

**સૂચન :**

ગિહારા- કુચબંધિયા, સલાટ ગિહારા, સોંદા, ભેસા આ બધી અટકધારી જાતિઓ પોતાના નામની પાછળ ગોત્રનો ઉલ્લેખ કરે છે અને અમદાવાદ, સુરત, વડોદરા જેવા સ્થળોએ હાથમાં નાના પાકીટ સાથે કાનમાંથી મેલ કાઢવાના સાધનોની સાથે, સ્ટેશનની આસપાસ નજરે પડે છે. આ જૂથને અગાઉ દર્શાવ્યું તેમ જુદી જુદી જગ્યાએ જુદા જુદા નામથી ઓળખાવતા હોય છે. ટ્રાઈબ્સ એન્ડ કાસ્ટના વોલ્યુમ જોતાં કુચબંધિયા એ ગિહારાની દરેક અટકો ધરાવતું જૂથ છે. તેમનામાં ગુનાઓનું પ્રમાણ પણ

નહિવત છે.

ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં કુચબંધિયા પથ્થર ટાંકવાનો વ્યવસાય કરતા હોવાથી 'પથ્થરકટ' તરીકે ઓળખાય છે. પથ્થર તોડવાનું કામ સલાટો કરતા હોય છે. આજે સલાટો મંદિર-મકાન માટેના પત્થર ઘડવાનું કામ કેટલીક જગ્યાએ કરે છે. રાજસ્થાની મારવાડી ગિહારામાંથી કેટલાક આ વ્યવસાય તરફ વળેલા છે. મહારાષ્ટ્રમાં કંજર પારધી તરીકે ઓળખાય છે. તેઓ ઘો પકડે છે અને ખાય પણ છે. તેમની બીજી અટકોમાં ધોબી કઠિયારા અને ઊંટ ચલાવનારા પણ છે. આમ ઘણાં જૂથો સાથે સંકળાયેલ આ જાતિ ગુજરાતમાં અલ્પ સંખ્યામાં ગિહારા તરીકે ઓળખાય છે.

ગિહારા આદિવાસી અખિલ ભારતીય જાતિય સુધાર સમિતિના જણાવ્યા પ્રમાણે ઉત્તરપ્રદેશમાં કંજર અટક ધરાવતા કુચબંદાને આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. કદાચ આ ખ્યાલને જોડીને કંજરની સાથે ગિહારા સમાજને પણ આદિવાસી ગણવાની માગણી કરી હોય. પરંતુ ગિહારા-કુચબંધિયા જાતિનો કોઈ પણ પછાત જાતિની યાદીમાં ઉલ્લેખ નથી. કદાચ બિનવર્ગીકૃત જાતિમાં કયાંક ગણી હોય અને તે થકી યાદીમાં ઉલ્લેખ ન પણ થયો હોય. પરંતુ આ જાતિની પ્રત્યક્ષ મુલાકાત લેતાં ચોક્કસ કહી શકાય કે **આ આદિવાસી જાતિ નથી પણ વિચરતી વિમુક્ત જાતિના લક્ષણો ધરાવે છે.** ભારતભરમાં આ જાતિનો ઉલ્લેખ જોવા મળે છે. આમ છતાં વર્તમાન પરિસ્થિતિ જોતાં જેઓ જે રાજયમાં સ્થાયી વસવાટ કરતા હોય કે પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરી આજિવિકા મેળવતા હોય તેઓ જે તે રાજયમાં સ્થાયી થયા હોય ત્યારે તેમને પણ અન્ય પછાત જાતિની જેમ મદદ કરી તેમના રહેઠાણ, શિક્ષણ અને વ્યવસાયિક પ્રશ્નોની સાથે જાતિના દાખલા અને રાશનકાર્ડ મળે તેવા પ્રયત્નો જરૂરી છે. કારણ કે બાપદાદાનો વારસાગત ધંધો પણ આજે લુપ્ત થયેલ જોવા મળે છે. ગામડાંઓમાં પણ આજે કૂવા, કોશ કે બળદ જોતરવાનાં સાધનોમાં ઓટ બળદગાડાંની બાદબાકી થતાં ટ્રેકટર જેવા સાધનો વધતાં દોરડાંનો ઉપયોગ નહિવત જોવા મળે છે. આના કારણે આજિવિકાના સાધનો ઓછાં થતાં શહેર કે ગામડાંઓમાં રોજગારીની તકો ઘટતાં આર્થિક સંકડામણ પણ અનુભવે છે. જેથી કરીને પોતાના મુખ્ય વ્યવસાય-દોરડાં બનાવવા અને કાનમાંથી મેલ કાઢવાના ધંધાને પ્રોત્સાહિત કરવા સ્થાયી વસવાટ ખૂબજ જરૂરી છે.

**અભિપ્રાય :**

આગળ દર્શાવ્યું તેમ ગિહારા જાતિની સમગ્રતઃ સ્થિતિ જોતા ચોક્કસ તેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાતતા ધરાવે છે. પરંતુ આ પછાતતાને લીધે તેઓ અનુ.જનજાતિના છે કે અનુ.જનજાતિમાં આવી શકે નહિ.

લોકુર સમિતિએ અનુ.જનજાતિ માટે જે મુખ્યત્વે લક્ષણો જણાવ્યા છે. જેમાં (૧) આદિમ લક્ષણો (૨) અલગ પ્રકારની સભ્યતા (૩) ભૌગોલિક અલગતા (૪) અન્ય સમૂહો સાથે સંપર્ક સાધવામાં સંકોચ અને (૫) આર્થિક - સામાજિક પછાતતા.

આ લક્ષણોને જોતા પણ તેઓ અનુ.જનજાતિ છે કે આવી શકે તેમ નથી. વળી અન્ય રાજયમાં આ જાતિ અનુ.જનજાતિમાં હોય તો બીજા રાજયમાં પણ તેને અનુ.જનજાતિમાં સમાવવા તે પણ યોગ્ય નથી, કેમકે દરેક રાજયની ભૌગોલિક, વ્યાવસાયિક, આર્થિક, સામાજિક સ્થિતિ અલગ-અલગ હોય છે.

આ રીતે ગુજરાત રાજયમાં વસતિ ગિહારા જાતિમાં પછાતતાના ઘણા લક્ષણો છે. પરંતુ અનુ.જનજાતિ તરીકેના લક્ષણો કે તેઓની ઐતિહાસિક પૃષ્ટભૂમિ અનુ.જનજાતિ તરીકેની જોવા મળતી નથી **ત્યારે ગુજરાતમાં તેઓને અનુ.જનજાતિમાં સમાવી શકાય નહિ.**

## સંદર્ભસૂચિ


| | | |
|---|---|---|
| (૧) | ગિહારા કુચબંધિયા જાતિ, ૧૯૮૫ | શ્રી જશવંતસિંહ રાઠોડ<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| (૨) | જોગી જાતિ તપાસ, ૨૦૦૮ | શ્રી ભીખાભાઈ સો. પટેલ<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| (૩) | People of India,<br>Gujarat- part one volume xxii(page 410) | By K. S. Singh |
| (૪) | भारतकी प्रमुख जातियोंका कोशः | अरुणभाई पटेल |
| (૫) | રાઠોડિયા જ્ઞાતિને અનુસૂચિત જનજાતિમાં<br>સમાવવા બાબત, તપાસ અહેવાલ,૨૦૧૦ | શ્રી ભીખાભાઈ પટેલ<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| (૬) | કંજડ જાતિ (ઉ.પ્ર.)ને અ.જ.જા.ની શ્રેણીમાં<br>મૂકવા માટેનો સર્વેક્ષણ અભ્યાસ- તારણો | એસ.સી/એસ.ટી. સંશોધન અને તાલીમ<br>કેન્દ્ર, ઉ. પ્રદેશ, લખનૌ |